**Gujarat Samachar Pg 6 – 16th Jan 2022**

# બિટકોઈનના ભાવમાં બેતરફી વધઘટ: ઈથેરના ભાવ ઉંચકાઈ ૩૩૦૦ ડોલરને આંબી ગયા

મુંબઈ, તા.૧૫

ક્રિપ્ટો કરન્સીની બજારમાં આજે બિટકોઈનના ભાવ બેતરફી વધઘટ વચ્ચે અથડાતા જોવા મળ્યા હતા. અમેરિકામાં રિટેલ સેલ તથા કન્ઝયુમર કોન્ફીડન્સના આંકડા નબળા આવ્યાના નિર્દેશો હતા. જોકે આમ છતાં ત્યાં આગળ ઉપર ટૂંકમાં વ્યાજના દર વધારવામાં આવશે એવી ગણતરી બજારના જાણકારો બતાવી રહ્યા હતા. ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ વધ્યો હતો સામે સોનાના ભાવ આજે વિશ્વબજારમાં ઉંચેથી નીચા ઉતર્યા હતા. આની અસર બિટકોઈન પર જોવા મળી હતી. બિટકોઈનના ભાવ આજે નીચામાં ૪૨૧૨૮ ડોલર તથા ઉંચામાં ૪૩૪૫૪ ડોલર થઈ ૪૨૮૪૦ ડોલર રહ્યા



**આઈસી ૧૫ ઈન્ડેક્સમાં ૨.૦૩ ટકાની વૃધ્ધિ નોંધાઈ**

હતા. દરમિયાન પ્રમુખ ક્રિપ્ટોકરન્સીઓનું પ્રતિનિધિત્વ કરતો આઈસી૧૫ ઈન્ડેક્સ ૬૫૨૪૨ ખુલી ઉંચામાં ૬૬૭૧૮ તથા નીચામાં ૬૪૨૯૧ થઈ ૬૬૫૮૧ પોઈન્ટ રહ્યાના નિર્દેશો હતા.

દરમિયાન, મિડકેપ ક્રિપ્ટોમાં આજે ઈથેરના ભાવ ૩૩૦૦ ડોલર બોલાઈ રહ્યા હતા. સ્મોલ કેપ ક્રિપ્ટોમાં એક્સઆરપીના ભાવ ૭૭થી ૭૮ સેન્ટ, સોલાનાના ૧૪૫.૦૫ ડોલર, કારડનોના ૧.૨૭ ડોલર, ડોજેકોઈનના ૧૮થી ૧૯ સેન્ટ તથા શિબાઈનુના ભાવ ૦.૦૦૦૦૩૧ ડોલર બોલાઈ રહ્યા હતા. આઈસી૧૫ ઈન્ડેક્સ આજે ૨.૦૩ ટકા વધ્યો હતો. સાપ્તાહિક ધોરણે બિટકોઈનના ભાવ ૨.૨૦ ટકા તથા ઈથેરના ભાવ ૨.૬૦ ટકા વધ્યા છે. ડોજકોઈન સપ્તાહમાં ૨૦ ટકા વધ્યો છે. જોકે બિટકોઈનના ટ્રેડીંગ વોલ્યુમમાં ૪૩થી ૪૪ ટકા ઘટાડો જોવા મળ્યો હતો.